# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-01-2025** **MORNING: 7.45 to 7.55**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **અનીલ પટેલ** વાંચે છે.

**************************************************

1. ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના 47મા રાષ્ટ્રપતિ તરીકે શપથગ્રહણ કર્યા
2. પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં આગની ઘટનાઓ રોકવા પૂરતી વ્યવસ્થા કરાઈ
3. પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભારતીય સંસ્કૃતિની વિવિધતા અને સૈન્ય શક્તિનું શાનદાર પ્રદર્શન કરાશે
4. કેન્દ્રીય આદિજાતિ બાબતોનાં મંત્રાલય દ્વારા આજે નવી દિલ્હીમાં PM JANMAN પર જિલ્લા અધિકારીઓની રાષ્ટ્રીય પરિષદનું આયોજન
5. ICC-અન્ડર-19 મહિલા ક્રિકેટ T-20 વિશ્વકપમાં આજે કુઆલાલમ્પુરમાં ભારત-મલેશિયા વચ્ચે ટક્કર

..........................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# TRUMP OATH

ડોનાલ્ડ ટ્રમ્પે બીજી વાર અમેરિકાના 47મા રાષ્ટ્રપતિ તરીકે પદ અને ગોપનિયતાનાં શપથ લીધા છે. ગઈકાલે રાત્રે વોશિંગ્ટન ડીસીમાં કેપિટોલ રોટુન્ડા ખાતે મુખ્ય ન્યાયમૂર્તિ જ્હોન રોબર્ટ્સે તેમને શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે તેમને તોપોની સલામી આપવામાં આવી હતી.

ન્યાયમૂર્તિ બ્રેટ કેવનોએ જે ડી વેન્સને ઉપરાષ્ટ્રપતિ પદના શપથ લેવડાવ્યા. 40 વર્ષનાં વેન્સ અમેરિકાનાં 50મા અને દેશનાં ઇતિહાસમાં ત્રીજા સૌથી નાની વયના ઉપરાષ્ટ્રપતિ બન્યા છે.

શપથ લીધા બાદ પોતાના પ્રથમ સંબોધનમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે રાષ્ટ્રીય ઊર્જા કટોકટી લાદવાની જાહેરાત કરી, જેથી ઇધણનાં ભાવ ઘટાડી શકાય. આ રીતે તેમણે ચૂંટણી વચન પૂર્ણ કર્યું. તેમણે જણાવ્યું કે, દેશમાં એક નવા અધ્યાયનો પ્રારંભ થઈ રહ્યો છે. અમેરિકા પ્રથમનાં વિચારને સર્વોપરિ ગણાવતા તેમણે પોતાનાં નેતૃત્વમાં અમેરિકામાં સુવર્ણ યુગનો પ્રારંભ થયો હોવાની જાહેરાત કરી.

અમેરિકન શ્રમિકો અને તેમનાં પરિવારની સલામતી માટે વેપાર પ્રણાલિમાં તાત્કાલિક પરિવર્તનની પ્રતિજ્ઞા લેતાં શ્રી ટ્રમ્પે જણાવ્યું કે, તેઓ પોતાનાં નાગરિકો માટે વિદેશો પર વેપાર કર લાગુ કરશે. આ માટે તેમણે વિદેશી મહેસુલ સેવાની સ્થાપના કરવાની જાહેરાત પણ કરી.

વિદેશમંત્રી ડોક્ટર એસ જયશંકરે ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પને અભિનંદન પાઠવ્યા છે.

# VP - RAIPUR VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે છત્તીસગઢની રાજધાની રાયપુરની 1 દિવસની મુલાકાતે જશે. શ્રી ધનખડ "વધુ સારાં ભારતનાં નિર્માણ માટેનાં વિચારો" વિષયવસ્તુ પર નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી- NIT રાયપુર, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી-IIT ભિલાઈ અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ -IIM રાયપુરના વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરશે.

# MAHAKUMBH -2025

અને હવે કેટલાંક સમાચારો મહાકુંભના.....

## (MUSIC MAHAKUMBH OPENING)

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ અંગે વિદેશ મંત્રાલય અને ઉત્તરપ્રદેશ સરકારના વરિષ્ઠ અધિકારીઓએ ગઈકાલે નવી દિલ્હીમાં વિદેશી પત્રકારો સાથે ચર્ચા કરી હતી. ચર્ચામાં યુપી સરકારનાં પ્રતિનિધીઓએ જણાવ્યું કે, મહાકુંભ 2025માં આવનારા ભક્તોની સંખ્યા ટોચનાં વૈશ્વિક કાર્યક્રમોમાં આવતા લોકોની સંખ્યા કરતાં અનેક ગણી વધુ રહેશે.

તેમણે જણાવ્યું કે, બ્રાઝિલમાં રિયો કાર્નિવલમાં 70 લાખ, હજ યાત્રામાં 25 લાખ, જર્મનીના ઓક્ટોબર ફેસ્ટમાં 72 લાખ લોકો આવે છે, જ્યારે મહાકુંભ 2025માં 45 કરોડ લોકોનું આગમન થવાની સંભાવના છે.

સરકારે પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન આગની ઘટનાઓ રોકવા માટે મજબૂત વ્યવસ્થા કરી છે. લાખો કલ્પવાસીઓ અને કરોડો ભક્તો જ્યાં આવે છે તે મેળા વિસ્તારને પૂરતા પ્રમાણમાં અગ્નિશમન ઉપકરણોથી સજ્જ બનાવવામાં આવ્યો છે. વધુ માહિતી આપે છે અમારા પ્રતિનિધીઃ

(BYTE: ANAND KUMAR FIRE SAFETY)

## LOK SABHA SPEAKER OM BIRLA

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ તમામ રાજકીય પક્ષોને સંસદ અને વિધાનસભાઓનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કરવા સભ્યો માટે આંતરિક આચારસંહિતા ઘડવા અપીલ કરી છે.

પટણા ખાતે 85મી અખિલ ભારતીય પીઠાસિન અધિકારીઓની પરિષદના ઉદ્ઘાટન સત્રને સંબોધતા, શ્રી બિરલાએ આ મુજબ જણાવ્યું

(BYTE: OM BIRLA CODE OF CONDUCT)

શ્રી બિરલાએ વિધાનગૃહો માં શિસ્તનો અભાવ અને કામકાજમાં ઘટાડા અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે પીઠાસિન અધિકારીઓને ગૃહની કામગીરીમાં ડિજિટલ ટેકનોલોજી, AI અને સોશિયલ મીડિયાના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને અપનાવવા માટે આહ્વાન કર્યું.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . .

# DEFENCE-REPUBLIC DAY

આ વર્ષનાં પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભારતીય સંસ્કૃતિની વિવિધતા અને સૈન્ય શક્તિનું શાનદાર પ્રદર્શન કરવામાં આવશે. તેમાં બંધારણ લાગુ થયાના 75 વર્ષ અને જનભાગીદારી પર વિશેષ રૂપથી ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. આ વર્ષે ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ પ્રાબોવો સુબિયાન્તો પરેડના મુખ્ય મહેમાન રહેશે.

સંરક્ષણ સચિવ રાજેશકુમાર સિંહે જણાવ્યું કે, કર્તવ્ય પથ પર પરેડમાં ભારતીય સશસ્ત્ર દળોની સાથે-સાથે ઇન્ડોનેશિયાનાં 160 સભ્યોની કૂચ ટુકડી અને 190 સભ્યોની બેન્ડ ટીમ પણ ભાગ લેશે. તેમણે જણાવ્યું કે, વિવિધ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો, કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોનાં 31 ટેબ્લો 'સ્વર્ણિમ ભારતઃ વિરાસત ઔર વિકાસ'નો વિષયવસ્તુ રજૂ કરશે.

## ISRO MOBILITY EXPO

નવી દિલ્હીમાં ચાલી રહેલા ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો 2025માં ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો) અને ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઇઝેશન સેન્ટર (ઇન-સ્પેસ)ભાગ લઈ રહ્યા છે.

ઈસરોનાં સ્ટોલમાં મોબિલિટી ઉદ્યોગમાં સંભવિત ઉપયોગ માટે ખાસ તૈયાર કરાયેલી 43 આધુનિક ટેક્નોલોજી દર્શાવવામાં આવી છે. ગઈકાલે ઈન-સ્પેસ અને એકમાએ ઈસરો ટેક્નોલોજીસ ફોર ઓટોમોટિવ સેક્ટર શીર્ષક હેઠળ સત્રનું આયોજન કર્યું હતું. જેમાં સ્પેસ એપ્લિકેશન સેન્ટર-અમદાવાદ સહિતનાં ઈસરોનાં કેન્દ્રોએ ઓટોમોટિવ ક્ષેત્રમાં ઉપયોગ માટે આ ટેક્નોલોજીને કેવી રીતે ઉપયોગમાં લાવી શકાય તે દર્શાવ્યું હતું.

## PM JANMAN

કેન્દ્રીય આદિજાતિ બાબતોનું મંત્રાલય આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે PM JANMAN પર જિલ્લા અધિકારીઓની રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરશે. આદિજાતિ બાબતોના મંત્રી જુઆલ ઓરામ અને

આદિજાતિ બાબતોના રાજ્યમંત્રી દુર્ગાદાસ ઉઇકે પણ આ પરિષદમાં હાજરી આપશે.

આ પરિષદમાં અભિયાન હેઠળના 6 મુખ્ય ક્ષેત્રો પર રહેશે, જેમાં ગ્રામીણ વિકાસ (આવાસ અને રસ્તા), છાત્રાલયો (શાળાઓ), પીવાનું પાણી, આંગણવાડીઓનું સંચાલન અને બહુહેતુક કેન્દ્રોનું સંચાલન શામેલ છે.

# CRICKET- U19 WOMEN'S T20 WC

ICC અંડર-19 મહિલા ક્રિકેટ T20 વર્લ્ડ કપની બીજી આવૃત્તિમાં વર્તમાન ચેમ્પિયન ભારત આજે કુઆલાલમ્પુરના બાયુમાસ ઓવલ સ્ટેડિયમ ખાતે ગ્રુપ A મેચમાં યજમાન મલેશિયા સામે ટકરાશે. આ મેચ બપોરે 12 વાગ્યે શરૂ થશે.

ગ્રુપ A ની બીજી મેચમાં, વેસ્ટ ઈન્ડિઝ શ્રીલંકા સામે આ જ મેદાન પર રમશે, જે ભારતીય સમય મુજબ સવારે 8 વાગ્યે શરૂ થશે. ભારતે રવિવારે વેસ્ટ ઇન્ડિઝ પર 9 વિકેટે ભવ્ય વિજય મેળવીને ટુર્નામેન્ટનો પ્રારંભ કર્યો હતો. ભારત હાલ બે પોઇન્ટ અને +8.646 નાં નેટ રન રેટ સાથે ગ્રુપ A માં મોખરે છે.

# AUSTRALIAN OPEN TENNIS

ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં ક્વાર્ટર ફાઇનલ રમનારી ટીમ નિશ્ચિત થઈ ગઈ છે. મિક્સ્ડ ડબલ્સમાં ભારતના રોહન બોપન્ના અને ચીનના ઝાંગ શુઆઇ આજે સવારે મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયન જોડી જ્હોન પિયર્સ અને ઓલિવિયા ગેડેકીનો સામનો કરશે.

**પુરુષ સિંગલ્સમાં વર્તમાન ઓલિમ્પિક ચેમ્પિયન નોવાક યોજોવિક સ્પેનના કાર્લોસ અલ્કારાઝ સામે રમશે. અન્ય એક મેચમાં જર્મનીના એલેકઝાન્ડર ઝેવરેવ અમેરિકાના ઉભરતા ખેલાડી ટોમી પૌલ સામે રમશે.**

**મહિલા સિંગલ્સ ક્વાર્ટર ફાઇનલ્સમાં વિશ્વમાં પ્રથમ ક્રમાંકિત આર્યના સબાલેન્કાનો સામનો રશિયાનાં એટાસિયા પાવલ્યુચેકનોવો સાથે અને અમેરિકાનાં કોકો ગૌફનો સામનો સ્પેનનાં પૌલા બાડોસા સામે થશે.**

**અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે પ્રવેશ અડિએચા**

1) ડૉનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના 47મા રાષ્ટ્રપ્રમુખ તરીકે શપથ લીધા તે સમાચારને તમામ અખબારોએ મુખ્યશીર્ષક બનાવ્યું છે. ગુજરાત સમાચાર લખે છે, અમેરિકામાં ટ્રમ્પનું રાજ દુનિયાની દિશા કે દશા બદલશે. ફૂલછાબનું મુખ્ય શીર્ષક છે, અમેરિકામાં ટ્રમ્પ યુગનું પુનરાગમન, --- "અમેરિકામાં આજથી સુવર્ણયુગઃ ટ્રમ્પ" આ નવગુજરાત સમયનું મુખ્યશીર્ષક છે. રાજસ્થાન પત્રિકા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પના નિવેદનને ટાંકીને લખે છે, લડાઈયાં રોકુંગા, વર્લ્ડ વૉર નહીં હોને દુંગા.

2) સંદેશનું મુખ્યશીર્ષક છે, 135 વર્ષમાં બ્રિટને ભારતમાંથી 64 હજાર 820 અબજ ડૉલરની લૂંટ ચલાવી હોવાનો ચોંકાવનારો અહેવાલ.

3) કોલકાતા આર. જી. કર મેડિકલ કૉલેજ દુષ્કર્મ અને હત્યા કેસના આરોપી સંજય રૉયને આજીવન કેદના સમાચાર પણ તમામ અખબારોના પહેલા પાને જોવા મળે છે.

4)ઓડિશા-બિહાર વિધાનસભામાં પણ ગુજરાતથી વધુ કામકાજ, વિધાનસભામાં વર્ષના સૌથી વધુ સત્ર ગુજરાત ટોચના 10 રાજ્યમાં પણ નથી – આ શીર્ષક સાથે ગુજરાત સમાચારે છેલ્લા પાના પર સમાચાર પ્રકાશિત કર્યા છે.

5) નવગુજરાત સમય સ્થાનિક પાનામાં લખે છે, નવ ફાયર અધિકારીને ટર્મિનેટ કરવાના નિર્ણયને હાઈકોર્ટે રદ કરતા AMCને ઝાટકો.